Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ગવર્મેન્ટ / ગ્રાન્ટ ઈન એઈડ બી.એડ્. કોલેજમાં અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજમાં પ્રવેશ કાર્યવાહી બાબતે અગત્યની સૂચના

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગવર્મેન્ટ અને ગ્રાન્ટ ઈન એઈડ બી.એડ્. કોલેજનું જોડાણ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE) સાથે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા.૨૯/૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : એચઆરઈ/૨૦૨૦/૫૭૨/ખ–૧થી થયેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની બી.એડ્. પ્રવેશ અરજી કરનાર તમામ ઉમેદવારો કે જેઓ ફક્ત દક્ષિણ ગુજરાત વિસ્તારની ગવર્નમેન્ટ કોલેજ અથવા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રવેશ મેળવવાની કોલેજની પસંદગી આપેલ છે તેવા પ્રવેશ અરજીકર્તાઓએ ફરજિયાત IITE, Gandhinagar ની વેબસાઈટ www.iite.ac.in દ્વારા તા.10/6/2020 થી શરૂ થયેલ પ્રવેશ કાર્યવાહીમાં ઓનલાઈન પ્રવેશ અરજી કરવાની રહેશે, જે માટે અલગથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે નહીં.

<u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. પ્રવેશની ઓનલાઈન અરજી સબમિટ કરનાર ઉમેદવારે :</u>

(અ) ફક્ત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગવર્મેન્ટ કોલેજ અથવા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ માટે અરજી કરેલ અરજીકર્તાએ સદરહુ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે IITE માં બી.એડ્. પ્રવેશનું અરજી ફોર્મ બિનચૂક સબમિટ કરવાનું રહેશે, જે સાથે વી.ન.દ.ગુ.યુનિ.માં બી.એડ્. પ્રવેશનું ઓન લાઈન ફોર્મ જમા કરાવ્યાની નકલ અને પેમેન્ટ કર્યાની રસીદની નકલ સબમીટ કરવાની રહેશે. જો ઓનલાઈન પ્રવેશ અરજી કરવામાં ન આવશે તો તેઓ દક્ષિણ ગુજરાતની ગવર્નમેન્ટ કોલેજ અથવા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજમાં પ્રવેશ કાર્યવાહીમાં ભાગ લઈ શકશે નહીં. IITE માં બી.એડ્. ઓન લાઈન ફોર્મ સબમીશન સાથે ફોર્મની જરૂરી ફી જમા કરાવવાની નથી.

(બ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગવર્મેન્ટ કોલેજ, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ સાથે સ્વનિર્ભર બી.એડ્. કોલેજોની પસંદગી આપનાર અરજીકર્તા દ્વારા આપેલ કોલેજની પસંદગીમાંથી ગવર્મેન્ટ કોલેજ, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના નામો વીર નર્મદ દક્ષિણ ગુજરાત બી.એડ્. પ્રવેશની કાર્યવાહીમાંથી આપોઆપ રદ થવાને પાત્ર છે, આવા અરજીકર્તા ઉમેદવારોને ફક્ત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં પ્રવેશની ફાળવણી મેરીટને આધારે કરવામાં આવશે.

(ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન <u>સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં પ્રવેશ અરજીકર્તા</u> ઉમેદવાર IITE, Gandhinagar સંલગ્ન કોલેજોમાં પ્રવેશ ઈચ્છુક હોય તો તેવા ઉમેદવારોએ અલગથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ જમા કરાવી નિયત ફી જમા કરાવવાની રહેશે.

તા. ૧૦/૬/૨૦૨૦ ઈ.ચા. કુલસચિવ